# <u>જૈન ફાગુ સાહિત્ય</u>

- ડૉ. પિંકી પંડ્યા

➢ **પ્રાસ્તાવિક :**

ફાગુ શું છે ? કોઈપણ ભાષાનું જ્યારે સાહિત્ય રચાવાનું શરૂ થાય છે ત્યારે એવી સભાનતા પણ નથી હોતી કે આપણે સાહિત્ય રચી રહ્યા છે, એની અંદર એક ઉત્સાહ હોય છે, એક લય હોય છે, એક માધુર્ય હોય છે, અને એનો પુરાવો મળે છે કે, વિશ્વની કોઈ પણ ભાષાના સાહિત્યને તપાસીએ તો આરંભ કાળનું સાહિત્ય પદ્ય સાહિત્ય જ હોય છે, પછી ધીરે ધીરે મઠારાતું જાય અને ધીરે ધીરે નવા સ્વરૂપ વિકસતા જાય અને ગદ્ય સ્વરૂપો વિકસતાં જાય પણ આરંભે તો પદ્ય સાહિત્ય જ હોય. નાનું બાળક જન્મ્યું હોય તો પણ તે પણ ચપટી કે હાલરડાં લયથી કે માધુર્યથી આકર્ષાતું હોય છે, માનવ મન હંમેશા લયથી આકર્ષાય છે.

બીજી એક મહત્વની વાત એ છે કે, આપણા ત્યાં મુદ્રણયંત્ર તો બહુ પાછળથી આવ્યા, પણ આપણું સાહિત્ય આ મુદ્રણયંત્રનું મોહતાજ નથી. આપણા ત્યાં કંઠોપકંઠ પરંપરા હતી, આપણે કોઈપણ ગુરુકુળની કલ્પના કરીએ તો દેખાશે કે પાટ ઉપર ગુરુજન બેઠા છે, અને સામે શિષ્યો બેઠા છે કે ભક્તો બેઠા છે. અને આપણા ત્યાં જે શ્રાવક કહેવાય છે, એ શ્રાવક પણ આ જ પરંપરાનો હિસ્સો છે, આપણે ત્યાં જે કંઠોપકંઠ પરંપરા છે, ગુરુ બોલે છે શિષ્ય સાંભળે છે, વક્તા બોલે છે શિષ્યો સાંભળે છે. અંગ્રેજીમાં શબ્દ છે, well-read તો આપણા ત્યાં એના માટે ‘બહુશ્રુત’ શબ્દ છે, એણે ખુબ સાંભળેલું છે, એની પાસે ખુબ જ્ઞાન છે, એ સાંભળીને ચિંતન અને મનન કરે છે. જૈન પરંપરામાં ગુરુભગવંતની સામેનો શબ્દ છે એ છે ‘શ્રાવક’. શ્રાવક અને શ્રાવિકાનો અર્થ જ એ છે કે, એમને છે કંઈ પણ જ્ઞાન કંઠોપકંઠ પરંપરાથી અપાયું છે એનું એ લોકો યોગ્ય રીતે શ્રવણ કરે છે, એનું મનન અને ચિંતન કરવા માટે જે પ્રેરિત છે, એવી જે વ્યક્તિ છે એ શ્રાવક છે. તો આપણે ત્યાં એ કંઠોપકંઠ પરંપરાની સાથે માત્ર એક જ લયમાં આવ્યું હોય એવું નથી, ખુબ બધું લયબદ્ધ થઈને આવે છે, જુદા જુદા લયમાં આવે છે. પરિણામે આપણને જુદા જુદા રાગ, છંદ, ઢાળ, આ બધું તો મળે છે. જુદા જુદા સાહિત્ય સ્વરૂપો પણ મળે છે, ક્યાંક દીર્ઘ સાહિત્ય સ્વરૂપો છે, ક્યાક લઘુ સાહિત્ય સ્વરૂપ છે. જુના સ્તવનો હોય કે નરસિંહ મહેતાના ભજનો હોય તો કેટલું બધું બસ ગવાતું આવ્યું છે, સાંભળ્યું હોય અને ક્યાંય ન વાંચ્યું હોય એવું હોય, છતાં એ આપણા મનમાં, આપણા હૈયામાં ક્યાંક સ્થિર થઈને બેઠું હોય છે. તો એ ગેયતાને

કારણે આપણી પાસે ઘણા બધા સાહિત્યસ્વરૂપો આવ્યા છે. રાસ, બારમાસા ઉપરાંત પદ, સ્તવન, છપ્પા, આ બધા સાહિત્ય સ્વરૂપો પણ મળે છે.

- **સાહિત્ય સ્વરૂપ** :

સાહિત્ય કે સ્વરૂપ એટલે શું? જ્યારે કોઈ વાત સાંભળીને કે વાંચીને આપણી નજર સામે એક ચિત્ર ઊભું થતું જાય છે ત્યારે આપોઆપ આપણે એની સાથે જોડાતા જાઈએ છે, નદીના પ્રવાહમાં વહેવું અને કિનારે ઉભા રહી પ્રવાહ જોવો બંને વચ્ચે તફાવત છે. અને જ્યારે કોઈક વાત એના પ્રવાહમાં આપણને તાણીને લઈ જાય છે ત્યારે એ સાહિત્ય છે. સનાત્રપુજા, સ્તવન, ચૈત્યવંદન, થોય, સજ્જાઈ, પારણું, રાસ, ફાગુ, પ્રબંધ, બારમાસા, હાલરડું, વગેરે વગેરે.. આ બધા સાહિત્ય સ્વરૂપો છે.

આ આદિનાથ ભગવાનનું ચૈત્યવંદન છે.

**"આદિદેવ અલવેસરુ, વિનિતાનો રાય,**
**નાભિરાયા કૂલમંડણો, મરુદેવા માય.**
**પાંચશે ધનુષની દેહડી, પ્રભુજી પરમ દયાળ,**
**ચોરાશી લખ પૂર્વનું, જસ આયુ વિશાલ.**
**વૃષભલંછન જિન વૃષધરુએ, ઉત્તમ ગુણમણિ ખાણ**
**તસ પદપદ્મ સેવન થકી, લહીએ અવિચલ ઠાણ"**

આ ચૈત્યવંદન પણ એક સ્વરૂપ છે, આદિનાથ ભગવાનનું ચૈત્યવંદન એ એમનો એક સંક્ષિપ્ત પરિચય છે. વિનીતા નગરીનો રાજા, નાભિ રાજાનો કુલદીપક છે, જેની માતા મરોદેવા છે, પાર્શ્વ જેનો દેહ છે, જેમનું આયુષ્ય ૮૪ લાખ પૂર્વ છે, જેનું લાંછન વૃષભ છે, એવા ઉત્તમ ગણીને, પદ્મ મુનિ એને પગે લાગી રહ્યા છે.

આ પાર્શ્વનાથ પ્રભુનું ચૈત્યવંદન છે, જેનું લાંછન નાગ છે.

**"આશા પૂરે પ્રભુ પાસજી, ત્રોડે ભવ પાસ,**
**વામા માતા જનમીયા, અહિ લંછન જાસ.**
**અશ્વસેન સુત સુખકરું, નવ હાથની કાયા,**
**કાશી દેશ વારાણસી, પુણ્ય પ્રભુ પાયા.**
**એક સો વરસનું આઉખું એ, પાળી પાસ કુમાર,**

**પદ્મ કહે મુક્તે ગયા, સુખ નમતાં નિરધાર"**

પદ્મ મુનિના ચૈત્યવંદન આપણે જોઈએ તો, આ એક લાક્ષણિકતાઓ એની દેખાય છે કે એની અંદર પ્રભુનો પરિચય અપાયો છે. આપણે કલ્પના પણ ન કરી હોય કે કેટલા બધા સાહિત્યસ્વરૂપો આપણા રોજબરોજના જીવન સાથે વણાઈ ગયેલા છે. સ્નાત્રપુજા, સ્તવન, ચૈત્યવંદન, સજ્જાઈ, પારણું, તો આ બધા જ સ્વરૂપો એની એક ચોક્કસ પેટર્નમાં હોય છે. આ દરેક સ્વરૂપો એના વિષયને લઈને એને જુદી જુદી લાક્ષણિકતાઓને કારણે કોઈ એક ચોક્કસ પેટર્નમાં  આવે છે, અને એ પેટર્નને આપણે સ્વરૂપ કહીએ છીએ, એ પેટર્નને આપણે લાક્ષણિકતાઓ કહીએ છીએ. કેટલાંક સ્વરૂપો એવા છે કે, જે જૈન  તેમજ  જૈનેતર બંનેના હાથે ખેડાયું છે. રાસ, ફાગુ, પ્રબંધ, પદ્યવાર્તા, આરતી, હાલરડા, ચરિત્ર આ બધાની કેટલીક લાક્ષણિકતાઓ છે. આવી બે-ત્રણ લાક્ષણિકતા બે ત્રણ કૃતિઓના આધારે જોઈએ.

મધ્યકાળના જે કોઈપણ સ્વરૂપો છે, ખાસ કરીને દીર્ઘ સ્વરૂપો જે છે, તો એમાં હંમેશા આરંભમાં ઈષ્ટ દેવની સ્તુતિ હશે, એ ગણેશ પણ હોઈ શકે, એ પ્રભુ પણ હોઈ શકે, આદિનાથ હોઈ શકે અને સાથે સાથે વિદ્યાની દેવી સરસ્વતીની પણ સ્તુતિ લગભગ બધા સાહિત્ય સ્વરૂપમાં જોવા મળે છે. આરતી, સ્તવન, સજ્જાઇ, રાસ, ફાગુ, જે કંઈ પણ આપણે સાંભળીએ છીએ, એ આપણે જે સાંભળ્યું છે એને સાંભળવાથી મળતું ફળ, એના લાભ, એના વિશેની વાત ફળશ્રુતિમાં હોય છે. આ ભરતના નાટ્યશાસ્ત્રમાંથી ચાલતું આવ્યું છે. નાટ્યશાસ્ત્રથી આ વિગત પ્રાપ્ત થાય છે. એ ઉપરાંત કવિ કે સર્જક જે છે એનો પણ ઉલ્લેખ આપણને મળે છે. નળાખ્યાન જોઈએ તો એના આરંભવામાં મંગલાચરણ છે.

**"શંભુસુતનું ધ્યાન જ ધરું, સરસ્વતીને પ્રણામ જ કરું; આદરું, રુડો નૈષધનાથ રે"**

અહીંયા ગણેશ અને સરસ્વતીને વંદન કર્યા પછી જ કૃતિનો આરંભ થાય છે. અને અંત જોઈએ તો, મુખ્ય પાત્રની વાત કરીને કહે છે કે,

**"કરકોટક ને નળ દમયંતી, સુદેવ ઋતુપર્ણ રાયજી, એ પાંચેના નામ લેતાં, કળજુગ ત્યાંથી જાય જી પુત્ર પૌત્ર ધન ધાન્ય સમૃદ્ધિ, પામે વઈ નર નારજીબ્રહ્મહત્યાદિક પાપ ટલે ને ઉતરે ભવઝલ પાર જી"**

હવે કવિનો પરિચય છે..

**"વીરક્ષેત્ર વડોદરા કહાવે, ગરવો દેશ ગુજરાત જી, કૃષ્ણસુત કવિ ભટ પ્રેમાનંદ, વાડવ ચોવીસા ન્યાતજી."**

હવે એક જૈન કૃતિ લઈએ, 'આરંભશોભા રાસ'. એનો આરંભ જોઈએ તો,

**"સરસતિ સાંમિણિ વીનવું, માગું નિરમલ બુદ્ધિ"**

સૌપ્રથમ સરસ્વતી સ્વામીને વિનંતી કરવામાં આવી છે કે મને નિર્મળ બુદ્ધિ આપ. કારણ કે એને કૃતિની રચના કરવાની છે. તો આમ એનું મંગલાચણ છે. એની ફળશ્રુતિ જોઈએ તો,

**"કર જોડી કીરતિ પ્રણમઈ, આરામશોભા રાસ જે સુણઈ, ભણિ ગણિ જે નરનારિ, નવનધિ વિલસિ તે ઘરબારિ"**

અહીંયા એના સર્જક કિર્તીનું નામ છે. પછી કહે છે જે આરંભ શોભા રાસ વાંચશે, ચિંતન મનન કરશે એને એની ફળશ્રુતિ પ્રાપ્ત થશે.

'શ્રીપાલ રાજાનો રાસ'નું મંગલાચરણ જોઈએ તો,

**"કલ્પવેલિ કવિયણ તણી, સરસતિ કરિ  સૂપસાય,**
**સિદ્ધિચક્ર ગુણ ગાવતા, પૂરે મનોરથ માય.**
**અલિય વિઘન સવિ ઉપમશે, જપતાં જિન ચોવીશ,**
**નમતાં નિજગુરુ પયકમળ, જગમાં વધે જગીશ"**

ગુરુને પગે લાગે છે, ચોવીસ જીનને પગે લાગે છે, આ મંગલાચરણ સાથે શ્રીપાલ રાજાના રાસનો આરંભ થાય છે. અને અંતે છેલ્લી બે કડીમાં ફળશ્રુતિ છે.

**"જે ભાવેં એ ભણશે ગુણશે, તસ ઘર મંગળમાળા જી,**
**બંધુર સિંધુર સુંદર મંદિર, મણિમય ઝાકઝમાળ જી"**

શ્રીપાલ રાજાના રાસની શરૂઆત વિનયવિજયજી મહારાજ કરે છે અને વચ્ચે જ તેઓ કાળધર્મ પામે છે એટલે પછી આ રાસ પૂરો યશોવિજયજી કરે છે. એટલે મધ્યકાળની કોઈ પણ કૃતિ હોય આખ્યાન હોય પદ્યવાર્તા હોય, રાસ હોય  કે ફાગુ હોય તેના આરંભમાં આપણને મંગલાચરણ મળે છે અને અંતમાં આપણને કવિ પરીચય અને ફળશ્રુતિ મળે છે. આવી બધી રચાયેલી અનેક કૃતિઓને વિદ્વાનો નજીકથી તપાસે છે, તેનો અભ્યાસ કરે છે, એમાં કેવી લાક્ષણિકતાઓ છે તે તપાસે છે, અને એને આધારે એ તારવે છે કે આવા આવા લક્ષણો હોય તો તે રાસ કહેવાય, આવા આવા લક્ષણો હોય તો તે આખ્યાન કૃતિ છે. નાટક જેવી કૃતિઓ હોય તો તે જૂની ગુજરાતીમાં અથવા અર્વાચીન

ગુજરાતીમાં છે. કેટલાય એવા સ્વરૂપો છે જે અત્યારે છે પણ મધ્યકાળમાં નહોતા, કેટલાય એવા સ્વરૂપો જે મધ્યકાળમાં હતા પણ અત્યારે નથી. તો આવી જ રીતે પરિવર્તનો આવતા જાય છે.

- **ફાગુ:**

એવા એક સ્વરૂપ ફાગુની આપણે વાત કરશું. અહીંયા આગળ આચાર્ય કે. કા. શાસ્ત્રીજીએ સાહિત્યની અનેક સાહિત્યની કૃતિઓના સ્વરૂપોનો ઘણા વિદ્વાનોએ અભ્યાસ કર્યો છે, એનું લિપ્યંતર કર્યું છે, આ કામ ઘણું મુશ્કેલ છે. આ લોકોએ તો એવા અનેક અભ્યાસ કર્યા છે. અને આવા અભ્યાસુઓના કાર્યને લીધે આપણા સુધી અનેક કૃતિઓ પહોંચી છે. તો એવા જ એક અભ્યાસુ આચાર્ય કે.કા શાસ્ત્રીજી કહે છે કે, ફાગુ સાહિત્ય પ્રકારને સમાવવો હોય તો રાસ પ્રકારમાં જ સમાવી શકાય, તેઓ કહે છે કે છતાંય કશુંક એવું છે કે જે રાસ અને ફાગુને અલગ પાડે છે. અને એમણે એ લાક્ષણિકતા આપણને અલગ પાડીને કહી છે કે, ફાગુ વિપ્રલંભ શૃંગાર અને સંભોગ શૃંગારને મૂર્ત કરી આપતું ઋતુમૂલક સર્જન છે અને એથી કથાત્મકનો અંશ જાળવીને એ ઊર્મિમય રચના બની રહે છે. એટલે કે રાસ સ્વરૂપની નજીકનું તો છે જ પણ એના કરતાં નાનું છે. રસમાં આપણને કથાનો વિશાળ પટ મળે છે એવો વિશાળ પટ ફાગુ સાહિત્યમાં મળતો નથી. એની અંદર ઊર્મિ ઉમેરાય છે, ઋતુમુલક ઉમેરાય છે, અને એથી વિશેષ એની અંદર વાત કરી છે એ છે શૃંગાર રસની વાત. ભરતમુનિના નાટ્યશાસ્ત્ર આધારે જે નવરસ છે, તેમાંનો શૃંગાર એ એક રસ છે એટલે તે પ્રેમનો રસ છે, એના પાછા બે ફાંટા પણ છે કારણકે પ્રેમમાં માત્ર આનંદ અને મિલન નથી હોતું, વિરહ પણ હોય, દુઃખ પણ હોય, એટલે વિરહ હોય ત્યારે વિપ્રલંભ અને જ્યારે નાયક અને નાયિકા સાથે હોય ત્યારે સંયોગ શૃંગાર. આમ આવા બે શૃંગાર છે. તો જેમ શાસ્ત્રીજીએ કીધું તેમ આપણે રાસ અને ફાગુને એક સાથે જોઇએ તો બંનેને સહોદર જેવા કહ્યા છે. કારણ કે બંને સ્વરૂપ એવા છે કે જે ગાઈ શકાય છે અને રમી શકાય છે.

નાની રાસ કૃતિ હોય અને સુદીર્ઘ ફાગુ કાવ્ય હોય, નાની રાસ કૃતિ એટલે જેમાં કથાનકનો પટ એટલો વિશાળ ન હોય તો શક્ય છે કે એ ફાગુ કાવ્યની નજીક છે. અથવા તો ફાગુ કાવ્ય જે દીર્ઘ હોય, એની અંદર અનેક કથાનક આવરી લેવાયા હોય તો તે રાસની નજીક જાય, પણ બંને વચ્ચે એક મોટો ભેદ છે જેનાથી બંનેને બહુ સરસ રીતે છૂટા પાડી શકાય એ છે કે વસંત ઋતુનું વર્ણન જેના કેન્દ્રમાં છે, પ્રકૃતિ મુલક વર્ણન હોય માત્ર વસંત ઋતુ નહિ પણ એમાં વર્ષાઋતુ અને ચાતુર્માસની પણ વાત હોય છે, તો જેમાં ઋતુ મુલક પ્રકૃતિ વર્ણન છે એ ઋતુના સંદર્ભે એ સમાજની વાત એ જેનો મોટો હિસ્સો છે, જેનો મહત્વનો અંશ છે એવી રચના એ 'ફાગુ' છે. ફાગુને બીજા જેની સાથે જોડી શકાય છે,

એ બારમાસા પણ ખૂબ સુંદર સાહિત્ય સ્વરૂપ છે. એમાં તો સ્પષ્ટ પણે છે કે નાયક જે છે એ ક્યાંક બહાર છે અને નાયકાની મનોસ્થિતિનું વર્ણન બારમાસામાં થાય છે. એક પછી એક માસનું પ્રકૃતિ વર્ણન અને એ વખતે નાયિકાની વિરહવેદનાની ચિતસ્થિતિ અને પ્રકૃતિ એની સાથે જે સ્વરૂપ બદલે છે, એને બારમાસા ગાતું આવ્યું છે અને એની સાથે વિરહની સ્થિતિનું વર્ણન એટલે મહદંશે આમાં વિપ્રલંભ શૃંગાર હોય છે. અને તેરમાં મહિને બંનેનું મિલન હોય છે. પણ ફાગુ આ રીતે બાર મહિનાને લઈને નથી ચાલતું, ફાગુના કેન્દ્રમાં તો ફાગણ મહિનો હોય છે, આમાં કોઈક કથાનક પણ જોડાયેલું હોય છે. એ માત્ર પ્રકૃતિ કાવ્ય બની રહેતું નથી, એની અંદર વિપ્રલંભ શૃંગાર, સંયોગ શૃંગારની જગ્યા છે, પણ કોઈક કથાનક સાથે. તો અહીંયા ફાગુ અને બારમાસા એકબીજાથી અલગ પડે છે.

આવુ જ એક બીજું સાહિત્ય સ્વરૂપ છે 'ધમાલ'. ધમાલ એ બહુ નાનકડું સ્વરૂપ છે, એમાં ગાવું, વગાડવું અને અને આવેશને ઉત્સાહને મન ભરીને રમવું એ એના કેન્દ્ર સ્થાને છે. અહી પણ લય અને છંદ બધું જ છે પણ એની સાથે સાથે એના વાજિંત્રો, એના સુર, નાદ તેનું વિશેષ મહત્વ છે, જે ફાગુ કાવ્યમાં પણ છે પણ અનિવાર્ય નથી. આ રીતે ફાગુ કાવ્ય પ્રમાણમાં ધમાલ કરતા દીર્ઘ સ્વરૂપ છે. તો આવા રાસા, બારમાસા ધમાલ જેવા કાવ્ય સ્વરૂપથી ક્યાંક સામ્ય અથવા ક્યાંક અલગ પડતું આવું સ્વરૂપ છે એ જ ફાગુ.

ફાગુ સ્વરૂપનો મૂળ શબ્દ છે ફલ્ગુ. જૂનામાં તેનો અર્થ ક્યાંક નદી તરીકે પણ છે. પણ એનો જે વિશેષ અર્થ છે એ વસંતોત્સવ છે. સંસ્કૃતમાં પણ એનો એક અર્થ વસંતોત્સવ છે. દેશી નામમાલામાં હેમચંદ્રાચાર્યજીએ એને વસંતોત્સવના અર્થમાં જ કીધું છે. એટલે આપણને એમ થાય કે વસંતોત્સવ કીધુ એટલે શું? તેનો અર્થ એમ છે કે ત્યાં સુધી આ શબ્દ કોઈ સ્વરૂપને દર્શાવતો નહોતો. ત્યાં આગળ એ માત્ર એક ઉત્સવને વર્ણવે છે. અને પછી એ ઉત્સવને વર્ણવતી કૃતિ એ એના નામે સ્વીકારાઇ ગઇ છે. આ વસ્તુ ઘણી વખત બની છે  દા.ત. રાસા એક સ્વરૂપ છે તો ઘણીવાર એને છંદ તરીકે પણ ઓળખાવાય છે, ચોપાઈ છંદ છે તેને ક્યાંક સ્વરૂપ તરીકે પણ ઓળખાવાય છે. આપણે ઘણા બધા સ્તોત્ર-સ્તુતિ યાદ કરી તો ગાથા જે છે તે પણ એક છંદ છે. છંદ અને સ્વરૂપ જ્યારે બહુ નજીક આવી જાયને એકમેકમાં ભળી જાય તો એ માત્ર સ્વરૂપ ન રહેતા છંદ અને ઢાળની સાથે એને જોડી દેવાય છે. હેમચંદ્રાચાર્યજી સુધી એટલે કે બારમી સદી સુધી ફાગુ શબ્દથી કોઈ સ્વરૂપનો નિર્દેશ નહોતો થતો ત્યાર સુધી માત્ર તે એક ઉત્સવને જ વર્ણવતું હતું એટલે એ એક સામાજિક ઉત્સવ હતો, વસંતોત્સવ હતો એનું જે ગાન છે એને આપણે આ સ્વરૂપનું નામ આપ્યું છે. આપણે આવી કૃતિઓમાંથી પસાર

થઈએ તો આપણને ખ્યાલ આવશે કે એ સમાજ કેવો હતો, એ સમયગાળામાં ફાગણ અને મહા બે મહિના એવા છે કે એમાં ઋતુચક્રનું આખું પરિવર્તન થાય છે, તો આવા ઋતુ પરિવર્તન છે એની સાથે વિજ્ઞાન પણ જોડાઈ જાય છે તો એ જ વસંતોત્સવ છે, એ સમાજ એવો હતો કે જેમાં આ વસંતપંચમીનો તહેવાર વિશેષ રીતે ઉજવાતો હતો, એમ કહી શકાય કે વૃદ્ધો અને બાળકો જ નગરમાં હોય અને બાકી બધા ઉપવનમાં હોય, ઉપવનમાં એમના માટે માણવા, માટે આનંદ માટે વિશેષ આયોજન કરવામાં આવ્યા હોય, ક્યાંક લતામંડળો હોય, ક્યાંક કડલી ગૃહો હોય એટલે કે કેળને એવી રીતે ઊભી કરવામાં આવી હોય, ઉપરાંત વિશેષ એવી વાવ તૈયાર કરવામાં આવી હોય કે જેની અંદર મિત્રો ભેગા મળીને ક્રીડા કરે. વસંતપંચમીનો મતલબ માત્ર નાયક અને નાયિકા નથી, એનો અર્થ માણવું છે, ઉત્સવ છે. તો વર્ણનો વાંચીએ તો સમજાય કે માત્ર વાવ બનાવવામાં આવે એટલું જ નહિ, જળક્રીડા કરતા કરતા થાક્યા હોય તો વિશ્રામ માટે જગ્યા પણ બનાવવામાં આવી હોય, જળક્રીડા માટે જળને સુગંધિત બનાવવામાં આવે, ત્યાં આગળ જુદી જૂદી રંગભૂમિ તૈયાર કરવામાં આવે કે જેથી મિત્રો જુદા જુદા કાર્યક્રમો માણી શકે, અને એના ઉપર પણ સુગંધિત દ્રવ્યોના છટકાવ હોય. તો માત્ર પ્રકૃતિ, સુગંધ ઉત્સવ એવો જે એક તહેવાર છે એ વસંતપંચમીનો તહેવાર છે. એવા વસંતઉત્સવની વાત ફાગણ મહિનામાં લઈને આવીએ છીએ અને ફાગણ મહિનાનો તહેવાર એટલે કે હોળી. ફાગણમાં ગુલાલથી રમવાની વાત આવે છે તો એના કારણે ફલ્ગુ એનો એક અર્થ ગુલાલ પણ થાય છે. અને એના જ કારણે પછી આ હોળી સાથે જોડાયા હોવાને લીધે કેટલાક શબ્દો જેવા કે ફગવો, ફગવાના એવા શબ્દો પણ ઉભા થયા છે. ફગવો એટલે કે હોળીનો ઘેરૈયો છે જે તમારી પાસેથી એનો લાગો માંગે છે, એ દિવસે બધાંને જે ધાણી, ચણા, ખજૂર વેંચે છે તે. તથા ફગવાના એટલે કે રંગ છાંટવો. પછી ફગવારા એવો પણ એક શબ્દ છે કે જે હોળી ખેલે છે તેને ફગવારો કહેવામાં આવે છે, જે ગુલાલથી રમે છે તે ફગવારો કહેવાય છે. તો રાજસ્થાનમાં આ પ્રકારના શબ્દો જોવા મળે છે. અને એ જે સ્વરૂપમાં ગવાયું છે એ જે સ્વરૂપ છે તે ફાગુ સ્વરૂપ છે.

ફાગુ સ્વરૂપ એવું છે કે જે ગાઈ પણ શકાય છે અને રમી પણ શકાય છે, આને એકલા પણ ગાઈ શકાય અને જૂથમાં પણ ગાઈ શકાય, નૃત્ય સાથે પણ ગાઈ શકાય અને નૃત્ય વગર પણ ગાઈ શકાય અને આ વસ્તુ આપણને કૃતિમાં વણાયેલી જોવા મળે છે. આપણે જોઈ શકીએ કે,

**"દેવ સુમંગલપુત્તફાગુ ગાયઉ ભો ભવિયા"**

**સુમંગલાનો પુત્ર જે છે ભરતનું આ ફાગુ છે. અને એ કહે છે કે, હે ભવિકજન  તું ગા.**

**બીજું એક જયવંતસૂરિ કૃત સ્થૂલિભદ્ર-કોશાપ્રેમવિલાસ ફાગમાં આવી રીતે કહેવાયું છે કે..**

**"ફાગ ગાઈ સવિ ગોરડી, જબ આવઈ મધુમાસ"**

આમાં જ્યારે મધુમાસ આવે છે ત્યારે બધી સ્ત્રીઓ ભેગી થઈ અને ગાઈ છે,

એના પછી  સ્થુલીભદ્ર ફાગુમાં છે કે,

**"ખેલા નાચઈ ચૈત્ર માસિ, રંગિહિ ગાવેવઉ"**

**બધા ખેલે છે, નાચે છે, રમે છે.**

**"ફાગુ રમઈં તે ફરિ ફરિ, નેમિ જિણેસર બારિ."**

ત્યાં આગળ ફરી ફરીને રમવાની જે મજા છે એની વાત નેમિનાથ ફાગુમાં પદ્મમુનિ કહે છે.

વાજિંત્ર એની સાથે જોડાય અને ન પણ જોડાય. આપણે જોઈએ કે રાણપુરમંડન ચતુર્મુખ આદિનાથ ફાગ જે છે આ એક તીર્થ ફાગુ છે. એમાં..

**"વેણા વંસ વજાવઈ એ, ભાવઈ પંચમ રાગ, રંગ ભરિ ઇક ખેલઈં, ગેલિઈ જિણવર ફાગ"**

અહીંયા કહે છે કે નૃત્યુ સમયે વાજિંત્ર વગાડવાની જે વાત છે, વાજિંત્ર વાગે અને એની સાથે જ્યારે ગવાઈ ત્યારે કેવું આહલાદક વાતાવરણ ઊભું થતું હશે, આ ફાગણ મહિનામાં વાત આવે છે.

હવે એક ચોપઈ ફાગુ જોઈએ તો

**"વેણા યંત્ર કરઈ આલિ વિણિ, કરઈ ગાનિ તે સવિ સુરમણી;**
**મૃદંગ સરમંડલ વાજંત, ભરહ ભાવ કરી રમઈ વસંત"**

આ ગરબાની જેમ ઘૂમીને પણ કરાય છે, દાંડીયા સાથે પણ કરાઇ છે. આમ આ એક જમાવટ આવે એવું સાહિત્ય સ્વરૂપ છે. તો આમ ફાગુ એ એક સરસ મજાનું, અંદરથી પલ્લવિત કરી દે એવું સાહિત્ય સ્વરૂપ છે.

ફાગુનો આરંભ અન્ય મધ્યકાલીન સ્વરૂપોની જેમ મંગલાચરણથી થાય છે.

ગુજરાતી સાહિત્યનું ઉત્તમ ફાગુ 'વસંતવિલાસ' જે જૈનેતર ફાગુ છે. એનું મંગલાચરણ આપણે જોઈએ.

**"પહિલઉં સરસતિ અરચિસુ રચિસુ વસંતવિલાસુ વીણિ ધરઈ કરિ દાહિણી વાહણિ હંસલઉ જાસુ"**

યમક સાંકળી એ એક મહત્વનું લક્ષણ છે, અને આપણે એ અહિયાં જોઈ શકીએ છે. જેણે જમણા હાથમાં વીણા ધારણ કરી છે, જેનું વાહન હંસ છે, એવી સરસ્વતી માતાની અર્ચના કરીને

વસંતવિલાસનો આરંભ કરવો છે. તો આ મંગલાચરણથી ફાગુનો આરંભ થાય છે. આ કૃતિમાં પોતાના શીર્ષકમાં જ આ વસંતનું કાવ્ય છે, એવું બહુ સ્પષ્ટપણે કવિ કહી દે છે અને કાવ્યમાં પણ બહુ સ્પષ્ટ રીતે કહેવાયું છે. આ સિવાય અનેક કાવ્યના શીર્ષકમાં સ્પષ્ટ રીતે નથી કહેવાયું પણ કાવ્યમાં બહુ સુંદર રીતે આ વસંતનું કાવ્ય છે એ વણાઈ જાય છે, કહેવાઈ જાય છે

**"અલિ મકરંદિહિ મુહરિયા કુહરિયા સવિ સહકાર" (વસંતવિલાસ)**

હેમંત ગઈ છે, વસંત આવી છે અને અલી એટલે કે ભમરા, એ મુખરિત થઈ રહ્યા છે, એ ગુંજારવ કરી રહ્યા છે, અહીંયા સહકાર એટલે આંબો થાય છે, જે આંબા પર મોર બેસી રહ્યા છે, એવી વસંત આવી છે.

તો એ ભરતેશ્વર ચક્રવર્તી ફાગમાં આપણે જોઈએ તો

**"ગાઇસું માસ વસંત હુઉં, ભરહેસર નરવિંદો"**

**જ્યાં ભરતેશ્વર નરેન્દ્ર છે, રાજા છે એમાં હું વસંત વિશે ગાઉ છું.**

**અથવા ચૂપઈ ફાગમાં આપણે જોઈએ તો**

**"મધ માધવ રિતિ કામનિ કંત, રતિપતિ રમીઈ રાઉવસંત"**

વસંતનો જે રાજા છે, રતિપતિ કામદેવ, એની વાત કરી છે અને પછી એ પ્રકૃતિ કેવી રીતે વસંતના પ્રભાવને ઝીલે છે, બધા આંબા જાણે મઘમઘી ગયા છે, બધી દિશામાં અને સુગંધ ફેલાઇ રહી છે.

હવે જૈન ફાગુની આપણે વાત કરવાના છીએ. જૈન ફાગુમાં વસંતઋતુની વાત તો આવે જ છે, પણ સાથે સાથે સાધુઓને રચવાનો જે મહત્ત્વનો સમયગાળો મળે છે, એમને જે વાત કરવી છે એ કથાનકમાં કેન્દ્ર સ્થાને વસંત આવે છે તો એની સાથે સાથે વર્ષાઋતુ પણ એના કેન્દ્રમાં આવે છે. આ જૈન ફાગુની વિશેષતા છે. વસંતનું વર્ણન સુંદર રીતે થઈ શકતું હોય તો વર્ષાનુ પણ એવું જ સુંદર રીતે નિરૂપણ થઈ શકે છે.

નેમિનાથ ફાગમાં જ્યારે નેમિનાથ દીક્ષા લઈને ચાલ્યા ગયા છે રાજીમતી તેની પાછળ ગઈ છે એણે પણ દીક્ષા લીધી છે અને ત્યારની વાત છે.

**"ઝિરમિર ઝિરમિર વરસૈ મેહ, જિહાં ભીજે કોમલ દેહ રે"**

રાજીમતિની માનસિકતાને લઈને નેમિ પણ પાછળ આવે છે, અને પછી જે કંઈ પણ થાય છે ત્યાં આગળ એ પછી વર્ષાઋતુનું વર્ણન આવે છે, એમાં જે આલેખન છે તે ખૂબ સુંદર રીતે કરવામાં આવે છે. આમ જૈન ફાગુમાં વર્ષાઋતુને વણી લેવામાં આવે છે.

પ્રકૃતિ આવે છે એની સાથે એ માનવ મનને પણ કેવી રીતે પ્રભાવિત કરે છે, એ પણ ફાગુ કાવ્ય માટે રસનો વિષય બની રહે છે. ફાગુ કાવ્યમાં આવે છે કે આ પ્રકૃતિ માનવ મનને કેવી રીતે છેડે છે, એનુ ઉદ્દીપક બની રહે છે. તો..

**"માનિનીજનમનક્ષોભન શોભન વાઉલા વાઈ**
**વનિ વિલસઈ શ્રીયનંદન, ચંદનચંદચુ મીતુ"**

જે પેલી માનિની સ્ત્રી છે એના મનને શોભન કરે છે એનો પ્રિયતમ એની પાસે નથી, સુંદર પવન વાય રહ્યા છે પણ નાયકાનો પ્રિયતમ પાસે નથી એટલે એ એનાથી એક ક્ષોભિત થઈ રહી છે. અહીં વનમાં લક્ષ્મીના મનને આનંદ આપનાર જે કામદેવ છે તે કેવી રીતે વીલસી રહ્યો છે, ચંદ્ર એનો જે મિત્ર છે એ એનો પ્રભાવ ફેલાવી રહ્યો છે.

એ વખતનો સમય છે એના માટે આ આખું વાતાવરણ વિશેષ છે અને એના માટે વિશેષ પ્રકારના આયોજન થાય છે

**"વનિ વિરચિય કદલીહર દીહર મંડપમાલ, તલિયાતોરણ સુંદર વંદરવાલ વિસાલ"**

કદલી ગૃહ એટલે કે કેળના પાનથી જે મંડપ બનાવાય છે તે, અહીં માત્ર એકાદ-બે મંડપ નથી અહીં આખો સમાજ આને માણી રહ્યો છે, એટલે ઘણાં બધાં મંડપો છે, સરસ તોરણો બંધાયેલા છે, વંદન કરતી હોય એવી લાંબી માળા, એવા પ્રકારના લાંબા મોટા પ્રકારના તોરણો છે, આખી જે મંડપ શ્રેણી છે એને જાણે તોરણોથી આવરી લેવામાં આવે છે.

**"ખેલન વાવિ સુખાલીય જાલીય ગુખિ વિશ્રામ, મૃગમદપૂરિ કપૂરિહિં પૂરિહિં જલ અભિરામ"**

અહીંયાં જાળીદાર ગોખ પણ બનાવ્યા છે કે જેથી હવા આવે, ગભરામણ ન થાય, વિશ્રામ કરી શકાય, જળ ક્રીડા કરતા કરતા થાકી જવાય તો વિશ્રામ કરી શકાય અને પાછા જળ ક્રીડા માટે વાવમાં ઉતરી શકાય. મૃગની જે સુગંધ છે કસ્તુરી, કપુરી તો આ બધું નાખીને પાણીને સુગંધિત કરવામાં આવ્યું છે, જેથી કરીને કોઈને કોઈ ચામડીના રોગ કે બીજી કઈ તકલીફ ન પડે. જ્યારે આટલું સરસ

વાતાવરણ હોય ત્યારે બહુ સ્વાભાવિક છે કે એના કેન્દ્રમાં શૃંગાર રસ હોય. શૃંગારરસ આપણે વાત કરી એમ બે પ્રકારના હોય સંયોગ જે છે તે સંયોગ શૃંગાર છે, વિરહ જે છે તે વિપ્રલંભ શ્રુંગાર છે. અને મિલનની મજા ત્યારે છે કે જ્યારે એની તડપ ઊભી થઇ હોય એટલે વિરહથી વાત મંડાઈ પેલો ચંદ્ર મનને બાળતો હોય એવું લાગે કે કેસૂડાંના ફૂલ જાણે બાળતા હોય એવું લાગે અને એવી વિરહની વ્યથાને આલેખતા જઈને આગળ ચાલે ત્યારે વિપ્રલંભ શૃંગારમાંથી આગળ વધી અને પછી પ્રિયતમ આવે એટલે મોડું થયું તેથી મનાવવાની કોશિશ કરે, ખોટું ખોટું રિસાઈ જવું, અને અનેક આવી ચેષ્ટાઓ સાથે સંયોગ શૃંગાર આકાર લે. એવા સંયોગ શૃંગાર અને વિપ્રલંભ શૃંગારને આકારતું આ ફાગુ કાવ્ય એ સમયનું ખૂબ લોકપ્રિય સ્વરૂપ બન્યું હતું.

સ્વરૂપની દ્રષ્ટિએ મહત્વની વિગત છે કે, ફાગુમાં ગેયતા માટે માત્રામેળ છંદો પ્રયોજાયા છે, ખાસ કરીને દુહા. ઘણી કૃતિઓ એવી છે કે જેની કડીઓ દુહામાં રચાઈ હોય પણ સાથે સાથે દુહા અને રૂણાની રચના પણ આપણને મળે છે. ક્યાંક એવું બને છે કે દુહા જેવી રચના કરવામાં આવે છે.

દુહો ચાર ચરણની રચના છે જેમા પહેલા અને ત્રીજા ચરણમાં ૧૪ માત્રા અને બીજા તેમજ ચોથા ચરણમાં ૧૧ માત્રા હોય છે. જુદી જુદી રીતે એ ગાઇ શકાતો હોય છે, એટલા માટે ફાગુ કાવ્યને એ ઉપકારક નીવડે  છે. અને એની સાથે "સોરઠા" અને "રોળા" એ એની નજીકની માત્રા ધરાવે છે એવા આ એની સાથે ગવાય છે.

નવલકથામાં જેમ પ્રકરણ હોય કે નાટકમાં અંક હોય એવી રીતે ફાગુ કાવ્યમાં ભાસ એવી રચના મળે છે. આ ભાસ એટલે જેમાં દુહાની એક કડી હોય અને પછી બે ત્રણ જેવી રોળાની રચના હોય આ રીતનું ૧ યુનિટ જે  બને એને આપણે ભાસ કહીએ છે.  જિનપદસૂરિ કૃત સ્થુલિભદ્ર ફાગુ છે કે રાજશેખર કૃત નેમિનાથ ફાગુ છે, તો એની અંદર આ પ્રકારની ભાસ ધરાવતી રચના છે. સળંગ દુહા તો છે જ. જંબૂસ્વામી ફાગ છે, પાર્શ્વનાથ ફાગ છે તો ત્યાં આગળ સલાંગત કડીઓમાં દુહા જ છે, પણ એ જૂદી જૂદી રીતે સરસ રીતે ગાઈ શકાય છે.

એક બીજી મહત્વની વાત એ છે કે આ જૂની ગુજરાતીમાં રચાયેલી કૃતિઓ છે પણ એમાં ક્યાંક સંસ્કૃત શ્લોકો, ક્યાંક છુટા છવાયા, ક્યાંક સમાંતરે સંસ્કૃત શ્લોકો મળે છે. શક્ય છે કે આ જે શ્લોકો છે એ સર્જકે પોતે  રચેલા હોય અથવા શક્ય છે કે એ પ્રચલિત સુભાષિતો હોય પણ એ કથાનક સાથે જોડાતા હોય તો તેમાં સર્જકની વિદ્વતા છે એ આપણે જોઈ શકીએ છીએ.

જેમ ફાગુના છંદ મહત્વના છે એવી જ રીતે એક એનું અત્યંત મહત્વનું લક્ષણ છે, આંતરયમક. આંતર યમક એટલે જેમ મંગલાચરણમાં જોયું તેમ "**સરસતી અરચિસુ રચિસુ વસંત વિલાસુ**", તો અરચિસુ રચિસુ નું જે યમક હોય, એક સમાન ઉચ્ચાર આપણને જે લાગે છે તે. અને જૂની ગુજરાતીમાં તો વચ્ચે ક્યાંય જગ્યા છોડાતી નહોતી એટલે એને જે ઉકેલતા હોય, એના જે સંશોધક છે, એના માટે આ વસ્તુને સમજવાની જરૂર બની જાય છે કે, અરચિસુ છે કે રચિસુ છે, કઈ રીતે એ શબ્દો જોડાય તો એ અર્થાગામી બની શકે. તો આવા આંતરયમકે ફાગુને એટલો બધો લોકપ્રિય બનાવ્યું છે એક વખત તેની ઓળખાણ બની ગઈ કે ફાગુ કાવ્ય એટલે કે આંતરયમક ધરાવતી રચના. આંતર યમક અનિવાર્ય નથી પણ લગભગ અનિવાર્ય કહી શકે એટલી મહત્વની લાક્ષણિકતા બની રહી છે. આને લીધે શબ્દને આપણી સામે ખોલીને ન મૂક્યા હોય તો સમજવાનું અઘરું પડે કે "**તરુવર વાસ નિકેતન, કેતન કિશલ સંતાન**" હવે તરુવર વાસ નિકેતન એમ કહેવું કે વાસનિ કેતન એમ કહેવું એમ ખબર ન પડે. જ્યાં આગળ તરુવર એટલે વૃક્ષ, વાસ એટલે રહેવું અને નિકેતન એટલે ઘર, એટલે જે રહેવાનું સ્થાન છે તે. પછી કેતન એટલે ધ્વજ એટલે કૂંપળો જાણે કામદેવની ધ્વજ હોય એવું લાગે છે.

એ જ રીતે આપણે બીજું ઉદાહરણ જોઇએ

**"મયણ મહાભડ ન સહીઈ, સહીઈ ! હિઈ હણઈ બાણ"**

એક સહીઈ એટલે સખી, મદનના બાણ બધા સહી શકે તેમ નથી, હે સખી એ હૈયું હણે છે. આપણે જોયું કે કેટલા એક સમાંતર સ્વરૂપ ધરાવતા શબ્દ, પણ જુદા જુદા અર્થ અને એના કારણે સર્જાતી ચમત્કૃતિ. એટલે આ જે આંતરયમક છે તે સર્જક અને ભાવક બંને પક્ષે મજા લાવનારી વાત છે, સર્જક પાસે જ્યારે એવું શબ્દભંડોળ હોય કે તે આવી રીતે શબ્દોને એક સાથે પ્રયોજી શકે અને વાચક વાંચે ત્યારે એને આહા થઈ જાય કે શું કેવી રીતે કવિ આ શબ્દોને સાથે લઈ આવ્ય છે. એવા આંતર યમક એક-બે કડીમાં નહિ પણ એ સળંગ ચાલતું આવે, એક પછી એક કડીમાં એ વહેતું આવે અને એના શબ્દો ક્યાંક મનને અડી જાય, શૃંગાર રસ તો છે જ પ્રકૃતિ નિરૂપણ પણ છે જ, પણ ભાષાના એક રંગથી વળી પાછો જાણે આપણને જ્યારે ગુલાલની જેમ રંગની છોડમાં નવડાવી જાય એવા ગુલાલની જેમ આંતરયમક એક નવું સ્વરૂપ આપે છે. આંતરયમક એટલું બધું પ્રચલિત થઈ ગયું હતું કે એક વખત એવો પ્રકારના છે દુહા હોય જેમાં આંતરયમક હોય એને ફાગુ કહેવામાં આવે અથવા તો ફાગુમાં આંતરયમક હોય એવી પણ એક ધારણા બંધાઈ ગઈ હતી પણ એ માત્ર ધારણા જ હતી. આંતરયમક હોય એ અનિવાર્ય નથી, દાખલા તરીકે પદ્મમુની કૃત નેમિનાથ ફાગુ અથવા

વસંતફાગુ કે બીજા અન્ય ફાગુ છે તો એમાં વસંતનુંવર્ણન છે, પણ આંતરયમકની રચના નથી. તો સામે પક્ષે બીજું એવું છે કે જેમાં આંતર યમકની રચના હોય છે જેમ કે રાસ, ઢાળ કે દેશી લખ્યું હોય એમ ફાગુ લખ્યું હોય, ફાગુની દેશી હોય પણ વસંતનું વર્ણન ન હોય. વિનયવિજયજી કૃત "નેમિનાથ ભ્રમરગીતા" અથવા તો આધ્યાત્મિક "વહાણનું ફાગ" એમાં ફાગુની દેશી છે પણ એમાં વસંતનું વર્ણન નથી. આમ વસંતના વર્ણનની સાથે આંતરયમકની રચના પણ જરૂરી બની રહે છે.

બીજો એક સરસ જે છે તે અન્યોક્તિ છે. અન્યોક્તિ એટલે દાખલા તરીકે ત્રણ જણ નાયક-નાયિકા અને બીજું કોઈ તો નાયિકાને નાયકને બહુ બધું કહેવું છે, તો તે પેલા ત્રીજા વ્યક્તિને સંબોધીને કહે છે કે તારામાં બુદ્ધિ નથી, તને વહેલું આવવું જ નથી. હવે ત્રીજી વ્યક્તિને ખબર છે કે એ મને નથી કહેતી પણ નાયક પણ કશું કહી ન શકે કારણ કે તે એમ કહી શકે છે તને ક્યાં કહું છું. તો અન્યને ઉદ્દેશીને જ્યારે કહેવાય છે તો એ અન્યોક્તિ છે. આ અન્યોક્તિ ફાગુનો ભાવક એમાંથી પસાર થતો હોય ત્યારે તેને વધારે અંદર ભાવમાં ખેંચી જાય છે, દાખલા તરીકે અહીંયા તમારી સામે એક દ્રષ્ટાંત છે,

**"બઉલસિરિ મદભીંભલ ઈ ભલપણું અલિરાજ,**
**સંપત્તિ વિણ સુકમાલ તી માલતી વીસરી આજ"**

અહી અલી રાજ એટલે ભમરાને સંબોધીને કહે છે કે તમે મધથી વિહ્વળ બનીને બોરસલ્લી પાસે જાવ છો, આજ તમારું ભદ્રપણું છે, જે સુકાઈ ગઈ છે જેની પાસે હવે ના પુષ્પો નથી રહ્યા એ માલતીને તમે વિસરી ગયા છો તો દેખીતી રીતે ભમરાને સંબોધીને કહે છે, પણ અહીં આગળ નાયકના ભ્રમરપણાને કહેવાય છે હવે નાયિકાનું સૌન્દર્ય ક્યાંક ઝાંખું થઈ રહ્યું છે તો નાયક બીજી સુંદર નાયિકા તરફ ખેંચાઇ રહ્યો છે.

બીજું ઉદાહરણ જોઇએ..

**"સખિ, અલિ ચલણી ન ચાંપઈ, ચાંપઈ લિઅઇ ન ગંધુ રૂડઈ દોહગ લાગઈ, આગઈ ઈસ્યુ નિબંધું"**

ભ્રમર ચરણથી એ ચાંપતો નથી, ચંપાની તો એ ગંધ પણ નથી લઈ રહ્યો, જે ખરેખર સરસ છે એનું એ દુર્ભાગ્ય છે કે એને કેટલાક નિયમો લાગુ પડે છે. તો આ રીતે આંતરયમકની સાથે સાથે અન્યોક્તિ પણ કૃતિને ચમકૃતિજન્ય બનાવે છે, આકર્ષક બનાવે છે.

કૃતિને અંતે ફળશ્રુતિ હોય છે.

**"ફાગુ રે સુણતહ ગુણતહ, પાપુ પણાસઈ દૂરિ"**

**"ગાઈ જે નવરંગ ફાગ એ, લાગએ નવિ પાપ લેવ"**

જો આ ફાગુને સાંભળશો તો પાપ બધા દૂર થશે, એને લેશમાત્ર પણ પાપ નહિ લાગે. અને ક્યાંક સર્જકનો પરિચય મળે છે ક્યાંય નથી મળતો.

જ્યાં મળે છે ત્યાં જોઈએ તો.. લક્ષ્મીવલ્લભે આ "અધ્યાત્મ ફાગ'ની રચના કરી છે

**"શ્રી લષમીવલ્લભ કો રચ્યો હી, ઈહુ અધ્યાત્મ ફાગ; પાવંતુ પદ જિનરાજ કો હો, ગાવત ઉત્તમ રાગ"** (લક્ષ્મીવલ્લભકૃત "અધ્યાત્મ ફાગ')

આપણે સતત વાત કરીએ છીએ કે વસંતઋતુ ફાગુ કાવ્યના કેન્દ્રમાં છે, એનો શૃંગાર નાયક અને નાયિકાના મિલન અને વિરહની વાત, એક માદક વાતાવરણ, એને પોષક એવી કડીશૃંખલા, ભાસની રચના, એક શૃંગારિક વાતાવરણ રચાય છે. તો જૈનસાધુ શા માટે આની વાત કરે છે? જૈન સાધુ જે સંયમની વાત કરનાર છે, જેણે સંસાર છોડ્યો છે, એવો એક સાધુ શા માટે વસંત હોય કે એવી કોઈ પ્રકૃતિની વાત કરે, નાયક અને નાયિકાના વિરહની વાત કરે, એમના ક્યાંક શક્ય એવા મિલનની વાત કરે? શા માટે?

સાહિત્ય જે છે એ ને એક ક્વિનાઈનની ગોળી જેવું છે જ્યારે ગોળી જીભ ઉપર મૂકીએ ત્યારે તો જીભ ઉપર ફક્ત મીઠાશ આવે, પણ પેટમાં ઉતરી ગયેલી કડવાશ અંદરના રોગને મટાડે. આ જે સાહિત્ય છે એ પણ ક્વિનાઈનની ગોળી જેવું છે, જ્યારે એમાંથી પસાર થતા હોઈએ ત્યારે એના રસને માણવામાં એટલા બધા લીન થઈ જવાય છે, એટલા બધા એમાં ખોવાઈ જવાય છે, કે એમાં કશુંક વણી લઈને અપાઈ જાય છે તેની ખબર પણ પડતી નથી. ક્યાંક અચેતન માનસ ઉપર એ એવો પ્રભાવ છોડી જાય છે, એટલે જ આપણે ત્યાં પુસ્તકને ઉત્તમ મિત્ર કહેવાય છે. કારણ કે એ તમારી અંદર કેવા ફેરફાર લઈને આવે છે, તમને કેવા ફેરવી શકે છે. તો સાહિત્ય પણ એવું જ છે, એ ક્યાં કેવો પ્રભાવ છોડે છે, એની ખબર નથી પડતી. ક્યાંક સીધો ઉપદેશ અપાય તો ક્યારેક કંટાળાજનક લાગે છે. સીધા ઉપદેશરૂપે આવેલી વાત કરતા, સાહિત્યમાં વણાઈને કોઇક વાત આવી તો એ કંઈક જુદી રીતે અસર કરી જાય છે.

જૈન ધર્મની એક વિશિષ્ટતા છે કે એમાં ભગવાન કોઈ અવતાર નથી, કે કોઈ પયગંબર નથી એ પણ એક એક જીવ છે એ કાળાંતરે ક્યાંકને ક્યાંક વધુ વિકસતો ગયો છે, જે પોતાની મર્યાદાઓને

અતિક્રમતો જાય છે, ધીરે ધીરે એ જ્ઞાન માર્ગે આગળ વધતો જાય છે, અને એટલે જાણે કોઈ પણ ભવિ જીવ કદાચ તીર્થંકર ન હોય તો પણ તે કેવળી બની શકે, સિદ્ધશિલા પર બિરાજી શકે, એ મુક્તિ સુધી જઈ શકે, એ વાત આપણે અનેક વાતોમાં વણાઈને આવે છે. દાખલા તરીકે ભરતેશ્વર-બાહુબલિરાસ છે તો ત્યાં આગળ ભરતની આખી વાત છે કે એના ભાઈએ રાજ્ય માગ્યા અને બાહુબલીએ ના પાડી, પછી યુદ્ધ થાય છે

પછી એમને ખ્યાલ આવે છે કે હું કેમ આવું કરું છું, મારા ભાઈ સાથે યુદ્ધ અને ત્યારે બાહુબલી આટલું મોટું રાજ્ય છોડી દે છે, યુદ્ધના મેદાનમાં બાજી પોતાની છે ત્યાં યુદ્ધના મેદાનમાં શક્ય છે કે માણસ આવી ગતિ સાધી શકે છે. પણ આ જ બાહુબલી જ્યારે મારાથી ૯૮ ભાઈઓ નાના છે અને હું એને પગે ન લાગુ, આમ અહંકાર આવ્યો હતો, તો કેવળ ન પ્રાપ્ત થાય, ત્યાં બહેનો ગરબે આવીને કહે કે **"વીરા હેઠા ઉતરો, ગજ પર માન ન હોય"** અભિમાનથી તો અડધે ક્ષણ છેટે રહી ગયેલું, કેવળ દૂર રહી જાય એવું બને.

શુષ્ક ઉપદેશ કામ કરી શકે એના કરતાં અનેક ગણું જ્ઞાન આ કથાઓમાં વણાઈને આવે, તે કામ સાહિત્ય કરે છે. અને એટલે જૈનસાધુઓએ પ્રબંધ, ફાગુ, કે કોઈ પણ સ્વરૂપ હોય એનું ખેડાણ કરીને અનેક લોકોને ધર્મ તરફ વળ્યા છે, સાચા માર્ગ તરફ વળ્યા છે.

****************************